### પ્રેમનું પ્રભુત્વ

પ્રજાપાલ રાજા મુસાફરના પ્રચ્છન્ન વેશમાં બીજે ગામ જઈ રહ્યો હતો. માર્ગમાં એક લંગડાએ વિનંતી કરી: "અપંગ છું, સાથે ગામ જવું છે, થાકી ગયો છું. આપના ઘોડા પર મને થોડે સુધી ન બેસાડો? એ કરુણાળુ હતા. પોતાના ઘોડા પર પાછળ બેસાડ્યો. નવા ગામમાં એને ઉતાર્યો, ત્યાં એણે બૂમાબૂમ કરી: "મને અપંગ જાણી આ મારો ઘોડો ઉઠાવી જાય છે!" લોકો ભેગા થયા. બન્નેને ન્યાયાલયમાં લઈ ગયા. ન્યાયાધીશે આજ્ઞા કરી: 'મુસાફર! ઘોડાને પેલા દૂરના ખીલે બાંધી આવો.' પછી અપંગને કહ્યું: 'તમે એને ત્યાંથી છોડી લાવો.'

ન્યાયાધીશે કહ્યું: 'મુસાફર! ઘોડો તમારો છે, લઈ જાઓ." આ ન્યાય પદ્ધતિથી રાજાને આશ્ચર્ય થયું. એણે પ્રગટ થઇ પૂછ્યું: "તમે કેમ જાણ્યું કે આ ઘોડો મારો છે?"

નમન કરી ન્યાયાધીશે કહ્યું: "આપ બાંધવા ગયા ત્યારે ઘોડો પ્રેમથી આકર્ષાઇ આપની પાછળ આવતો હતો. આ છોડી લાવ્યો ત્યારે ઘોડો ભયથી એની પાછળ ઘસડાતો હતો."

પ્રેમ સ્વામી છે, ભય અપરાધી.
પ્રેમ આકર્ષણ છે. ભય પ્રકંપ.

'ચિત્રભાનુ',

# દિવ્યદીપ

વર્ષ ૪ થું

શુદ્ધ પ્રેમ શેરડીના સાંઠા જેવો હોય છે. પ્રારંભમાં એનો ઉપરનો ભાગ જરા ફિક્કો લાગે છે પણ જેમજેમ ચૈતન્યના મૂળ તરફ આગળ વધો તેમ તેમ રસની મધુરતા વધવા સાથે તેનો સ્વાદ અવર્ણનીય બનતો જાય છે!

– ઊર્મિ અને ઉદધિ

અંક ૧૧ મો

# જન્મકલ્યાણકનાં સંભારણાં

ચોપાટીના સાગરતટે જનસમુદાય ઘણીવાર ઊભરાયો છે, મહાવીર જયંતીઓ પણ છેલ્લા ચાર વર્ષથી ઉજવાતી આવી છે, પણ આ ચૈત્ર સુદ તેરશને ગુરૂવાર તા. ૧૧-૪-૬૮ના શુભ દિને તો ચોપાટીનો સાગરતટ જ નહોતો દેખાતો. માત્ર માનવસાગર જ લહેરાતો હતો.

મુંબઈ શહેરમાં એક નવી જ હવા ફેલાઈ હતી, "ચાલો ચોપાટી". બપોરના ચાર વાગ્યાથી ચોપાટીનો વિશાળ સાગરતટ ધીરેધીરે નરનારીઓથી ઊભરાવા લાગ્યો. માણસોનાં હૃદયમાં એક નવો ઉત્સાહ હતો. આજે સૌને એમ લાગતું હતું "પ્રભુ મહાવીર એ માત્ર જૈનોના જ નહિ પણ માનવમાત્રના છે." પ્રભુ મહાવીરનો જન્મદિન એ જાણે અહિંસાના બધા જ અવતારોનો આ એકજ જન્મદિન હોય એવો આનંદ સહુના મુખારવિંદ ઉપર દેખાતો હતો.

જયાં ઉત્સાહ અને આનંદ છે ત્યાં તાપ અને સ્થળનાં સ્થૂળ અંતર આડે નથી આવતાં. દૂરદૂરથી સર્વધર્મ અને સર્વકોમના શ્રોતાજનો આવી રહ્યા હતા અને પાંચ વાગતાં તો ચોપાટીનો સારોય સાગરતટ ભરાઇ ગયો. પ્રભુ મહાવીરનો સંદેશ સાંભળવા આતુર માનવહૃદયોનો ઉત્સાહ અકલ્પ્ય અને અવર્ણનીય હતો. જેને જયાં જગ્યા મળી ત્યાં બેસી ગયા. સોફા કે ખુરશીનો આગ્રહ ન રહ્યો. આગ્રહ એક જ વાતનો હતો, "અમને પ્રભુ મહાવીરનો સંદેશો પૂ. મુનિવર્ય શ્રી ચિત્રભાનુના મુખેથી સાંભળવા દો." છ વાગતાં તો બે લાખ જેટલી માનવમેદની એકઠી થઇ ગઈ હતી.

પ્રભુ મહાવીરનું ૨૫૬૬મું જન્મ કલ્યાણક ઊજવવા માટે મુંબઈની પચરંગી પ્રજા એકત્રિત થયેલી. આ સભામાં અતિથિ વિશેષ કોંગ્રેસ પ્રમુખ શ્રી નિજલિંગાપ્પા અને અધ્યક્ષ સ્થાને પૂ. મુનિવર્ય શ્રી ચિત્રભાનુ મહારાજ બિરાજમાન હતા.

પૂ. ગુરુદેવે મંગલાચરણ કર્યા બાદ સાધ્વીજી પ્રમોદસુધાશ્રીજીએ પ્રવચન કરતા ભારપૂર્વક જણાવ્યું "આજે વિજ્ઞાનનો યુગ છે. માનવને બે વસ્તુમાંથી એક વસ્તુની પસંદગી કરવાની છે. વિશ્વયુદ્ધ કે વિશ્વમૈત્રી. પ્રત્યેક માનવી વિશ્વશાંતિ ચાહે છે. જેમ દૂધના એક એક ટીપામાં નવનીત રહેલું છે તેમ વિશ્વમૈત્રીમાં વિશ્વશાંતિ રહેલી છે. ભગવાન મહાવીરે વિશ્વમૈત્રીનો સંદેશો આપ્યો છે એ સંદેશો આપણે ઝીલવાનો છે."

નાગરિક સમિતિના ચેરમેન નગરપતિ ડૉ. કુલકર્ણીએ સહુનું સ્વાગત કરતાં જણાવ્યું "આજનો દિવસ મુંબઈ કે ભારત માટે જ નહિ પણ સમગ્ર વિશ્વ માટે મહત્વનો છે. ભગવાન મહાવીરે સાપેક્ષવાદનો સિદ્ધાંત બતાવીને સૌ પ્રથમ લોકશાહીનાં દર્શન કરાવ્યાં હતાં. ભગવાન મહાવીરનો સંદેશ અહિંસા અને સત્યનો છે, ૨૫૦૦ વર્ષ પછી પણ આપણે યાદ કરી રહ્યા છીએ અને એ સંદેશ પચ્ચીસ હજાર વર્ષ પછી પણ જીવંત રહેશે એ નિઃશંક છે."

મુંબઈના ૫૦લાખ નાગરિકો તરફથી નગરપતિ ડૉ. કુલકર્ણીએ ભગવાન મહાવીરને વંદન કર્યું. તે પછી નિજલિંગાપ્પાનું બહુમાન કર્યું. એ વખતે શ્રી નિજલિંગાપ્પાએ પિંજરામાં પુરાયેલા પક્ષીઓને સ્વતંત્ર કરી ખાસ ઊભા કરવામાં [illegible] મંચ (rostrum) ઉપરથી [illegible] કે જયારે જગત ઉપર [illegible] પોતાનું કર્તવ્ય ભ[illegible] માંથી ઉપર લાવ[illegible] મોકલે છે. પ્રભુ [illegible] એ પ્રકાશ રૂપે થ[illegible]

આજના શુભ [illegible] એ માનવની સંસ્કૃતિ અને [illegible]ચારો મૂકયા છે તેમને યાદ કરી આપણે તેમને અંજલિ અર્પીએ છીએ. એ મહાન વિભૂતિઓએ સુંદર જીવન જીવવા અને માત્ર માનવ માનવ નહિ પણ પ્રાણીમાત્રને સમજવા માટે એક વિશાળ દૃષ્ટિ આપી છે. પ્રભુ મહાવીર એ આ અહિંસાના તત્ત્વજ્ઞાનરૂપ રાજયના રાજકુમાર હતા. He was a prince of philosophers.

ભગવાન મહાવીરે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં અહિંસા, પ્રેમ અને કરુણાનો જે સંદેશ ફેલાવ્યો હતો તે આજે પણ એટલો જ તાજો છે અને જયાંસુધી માનવજાત હશે ત્યાં સુધી પ્રભુ મહાવીરનું નામ પણ જીવંત રહેશે. આપણે કેવળ જયંતીઓ ઉજવીને જ નહિ પણ મહાવીરે ઉદબોધેલા ઉપદેશોને જીવનમાં ઉતારીને જ ભગવાન મહાવીરને સાચી અંજલિ આપી શકીએ.

હું જૈન કુટુંબમાં જન્મ્યો નથી પણ હું સિદ્ધાંત તથા આદર્શોથી જૈન છું. ભગવાન મહાવીર જૈનોના જ નહિ પણ વિશ્વના અને સમગ્ર માનવજાતના હતા અને છે. એટલે જ આપણે બધા એમને માન આપીએ

[અનુસંધાન કવર - ૪ પર

# ★ મહાવીર જન્મ કલ્યાણક ★

પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) મહારાજશ્રીની યાદગાર પ્રેરણા – ચોપાટી તા. ૧૧–૪–૬૮

ભગવાન મહાવીર પોતાની અંદર રહેલા પરમાત્માને શોધવા, પ્રગટ કરવા અને પામવા આ પૃથ્વી ઉપર આવ્યા હતા. માત્ર પોતાના પરમાત્માને મેળવવા માટે જ નહિ, માનવમાત્રમાં છુપાયેલા પરમાત્માને પ્રગટ કરવા એ આવ્યા હતા. "મારામાં જેવો પરમાત્મા છે એવો જ પરમાત્મા તમારા સહુમાં છુપાયેલો છે." એ દુનિયાને બતાવવા માટે ભગવાન મહાવીરનું આ ધરતી ઉપર આગમન થયું હતું.

ભગવાન્ મહાવીરની એક વાત મને વારંવાર યાદ આવે છે. જ્યારે એ વાત ઉપર વિચાર કરું છું ત્યારે એ મહાપુરુષના વિચારો અને સિદ્ધાંતોની મહત્તા મારા હૃદય ઉપર અહોભાવથી છવાઇ જાય છે.

એમણે કહ્યું: "હું તારો ભગવાન રહું અને તું મારો ભકત રહે એ મને પસંદ નથી. તું પણ મારી જેમ ભગવાન બન; પણ ભગવાન બનવા માટે દુનિયાની વસ્તુઓ લઈ લઇને ભરવાથી નહિ બની શકાય. પણ બહારની જે વસ્તુઓ અંદર આવી ગઈ છે એને બહાર પાછી ફેંકી દો. અને પછી જુઓ તો જણાશે કે તમે પૂર્ણ બની ગયા છો. તમે ભગવાન બની ગયા છો."

જે પૂર્ણ બને છે એ વસ્તુઓને એકત્રિત કરવાથી નહિ, સંચિત કરવાથી નહિ, પરિગ્રહી બનવાથી નહિ જ ! જેનો સંચય કર્યો છે એનો જ્યારે ત્યાગ થાય ત્યારે જ આ આત્મા પૂર્ણ બને છે, ભગવાન બને છે.

આપણે પ્રભુ મહાવીરને કેમ માનીએ છીએ? ભગવાન બુદ્ધને કેમ સંભારીએ છીએ ? ગાંધીજીને કેમ યાદ કરીએ છીએ ? કારણકે એમણે ત્યાગ કર્યો. અહીંઆ ઘણા કરોડપતિઓ આવ્યા હશે પરંતુ તેમની જયંતી ઊજવવા સહુ ભેગા નહિ થાય. એ ધનપતિઓ કદાચ તાજમાં પાર્ટીઓ આપશે તો લોકો ખાવા જશે પણ એમના ગુણગાન ગાવા નહિ જાય, અને કરશે તો પણ પાર્ટી પૂરતાં જ, બહાર જુદી વાત.

કરોડપતિઓની કોઈ મહત્તા નથી, ધનાધિપતિઓની કોઈ મહત્તા નથી; મહત્તા એની છે જે ત્યાગ કરે છે,જે છોડે છે, જે છોડી જાણે છે.

ભગવાન મહાવીરે શું નથી છોડયું ? રાજમહેલ હતો, સુંદર પત્ની હતી, યૌવનથી ભરેલું શરીર હતું, સ્વજનોથી છલકાતું વાતાવરણ હતું પણ એમને પૂર્ણ બનવું હતું. જેને નવું પામવું છે એને જૂનું છોડવું જ રહ્યું.

આજથી ૨૫૬૬ વર્ષ પહેલાં આ બાળકનો જન્મ મગધની ભૂમિમાં થયો હતો. એમના પિતા સિદ્ધાર્થ હતા અને માતા ત્રિશલા હતી, યશોદા જેવી સુંદર પત્ની હતી, પ્રિયદર્શના જેવી પુત્રી હતી, નન્દીવર્ધન જેવા સ્નેહાળ વડીલ ભાઈ હતા પણ એમના મનમાં એક જ વાત રમ્યા કરતી હતી.

"વૈભવ એ શોષણ છે." સમાજમાં બે પ્રકારના રોગ છે. ડાયેરિયા અને કોન્સ્ટીપેશન. અતિસાર અને કબજિયાત. ગરીબ પ્રજા ડાયેરિયાથી મરી જાય છે, ધનપતિઓ કબજિયાતમાં ! એકને જોઈએ તેના કરતાં વધુ ખર્ચ છે, બીજાને જોઇએ તેના કરતાં વધુ આવક છે - સંપત્તિનો સંગ્રહ છે, accumulation of wealth. બે પ્રકારના રોગ છે, બન્ને બિમાર છે. એકનું પેટ વધી ગયું છે, બીજાના પેટમાં ખાડો પડ્યો છે, બન્ને માટે દવાની આવશ્યકતા છે. હું કહું છું કે જેનું પેટ વધી ગયું છે એ જરા ઓછું કરે અને જેનું પેટ ખાડામાં ચાલ્યું ગયું છે એ જરા બહાર આવે. એમ નહિ બને, નહિ કરો તો સામ્યવાદને દૂર નહિ ધકેલી શકાય.

ભગવાન મહાવીરે દુનિયાને શું આપ્યું ? એ તમે જાણો છો? કોઈ કહે છે કે ભગવાને આવીને યજ્ઞમાં થતી હિંસા સામે જેહાદ જગાવી, કોઇ કહે છે દાસપ્રથાને નાબૂદ કરી, કોઈ કહે છે કે નહિ, સંસ્કૃત ભાષાનું ઘમંડ તોડીને પ્રાકૃત ભાષાનું, જન ભાષાનું દુનિયામાં સંચાલન કર્યું. પણ આ બધી વાતો તો ઉપરની છે, સપાટી ઉપરની વાતો છે, તળિયાની વાત તો જુદી જ છે.

ભગવાન મહાવીર આ બધા કામ માટે જ આવ્યા હોત તો કદાચ આજે આપણે ભગવાનને યાદ ન કરત, ભૂલી ગયા હોત. કારણકે આજે આપણે જોઇ રહ્યા છીએ કે જાતિવાદ નામશેષ થતો જાય છે, યજ્ઞની હિંસા તરફ તિરસ્કાર વધ્યો છે, દાસપ્રથા તો માત્ર પુસ્તકોમાં જ વાચવા મળે છે તેમ છતાં ભગવાન મહાવીરને આજે પણ યાદ કરીએ છીએ કારણકે ભગવાન મહાવીરનું કામ શાશ્વત હતું.

એમણે જોયું કે જાતિવાદનો ઝઘડો, પશુઓની હિંસા, ભાષાનો ઘમંડ, પ્રાંતવાદની કુટિલ કઠિન સમસ્યાઓ - આ બધાનાં મૂળમાં વિષમતા છે. વિષમતાને લીધે જ. એક માણસ બીજાને નાનો સમજે છે અગર તો મોટો સમજે છે. જેને નાનો સમજે છે એને ઠોકરે ચઢાવે છે અને જેને મોટો સમજે છે એના ચરણોમાં માથું ઝુકાવે છે.

ભગવાન મહાવીરે બતાવ્યું કે જે મોટામાં છે, જે નાનામાં છે એવો જ આત્મા તમારા બધામાં છે.

ગઇકાલે જીવદયા મંડળીના સુવર્ણ મહોત્સવ પ્રસંગે શ્રી પાટીલે ગીતાનો શ્લોક ઉલ્લેખીને કહ્યુ હતું કે બ્રાહ્મણમાં અને ગાયમાં; કૂતરામાં અને પશુમાં જે એક આત્માનું દર્શન કરે છે એ જ સાચો દ્રષ્ટા છે.

આજે આપણે આ પ્રકારનું આત્મગૌરવ, આત્મશક્તિ પેદા કરવાની છે, આપણે આપણામાં રહેલ પૂર્ણનું દર્શન કરવાનું છે.

આપણે પૂર્ણ કેવી રીતે બનીશું? પૂર્ણ છોડવાથી બનાય છે; મેળવવાથી, સંગ્રહ કરવાથી નહિ.

જે મોટા થાય છે તે ત્યાગ કરીને થાય છે. સંચય કરવામાં ચિંતા ઊભી થાય છે, રાતના બ્લડપ્રેશર થઇ શકે છે, ઇન્કમટેક્ષનો બોજો વધે છે પણ આનંદ, આનંદ કદી પણ સંગ્રહથી નથી થતો. આપણે આનંદ મેળવવાનો છે. આ આનંદ મેળવવાનો માર્ગ એક જ છે. આપણે મહાપુરુષોના પંથ ઉપર ચાલીએ, એમની વાત સાંભળીએ અને એમનું જીવન કેવું હતું એનો વિચાર કરીને આપણે એ પ્રકારનું જીવન જીવવાનો કંઇક પ્રયત્ન કરીએ.

પ્રત્યેક વર્ષ મહાવીર જન્મકલ્યાણક આપણે ઊજવીએ છીએ. હું તો એ દિવસ જોવા માગું છું જેમાં પ્રત્યેક માનવીના અંતરમાં સૂતેલો માનવ જાગે. જ્યારે એ મહાવીર જાગશે ત્યારે જ માનવજાત સુખ અને શાંતિપૂર્વક પોતાની જીવન યાત્રા વ્યતીત કરી શકશે.

એ માટે ભગવાને કહ્યું કે હું ભગવાન રહું અને તમે મારા ભકત રહો એ મને પસંદ નથી. તમે જાગો, પ્રબુદ્ધ થઈ જાઓ અને તમે જાણશો કે તમારામાં જ ભગવાન છે. સૂતેલા માનવને જગાડો. ભગવાન મહાવીરે જાગૃત થવાનો, જગાડવાનો ઉપદેશ આપ્યો.

દશવૈકાલિક સૂત્રમાં ત્રણ સાધન વર્ણવ્યાં છે જે પ્રભુની સાધનામાં હતાં.

अहिंसा, संजमो, तपो ।

દુનિયાને જો પ્રેમ જોઇતો હોય તો અહિંસા વિના પ્રેમ નહિ આવે. તમે એવું ક્યાંય જોયું

છે કે જે હિંસક પણ છે અને પ્રેમી પણ છે? હિંસક, પ્રેમનો અભિનય કરી શકે છે પણ પ્રેમી નહીં બની શકે. પ્રેમનો અભિનય કરવો એ બહુ સહેલી વાત છે, બની શકે છે પણ સાચા પ્રેમી થવું એ મુશ્કેલ છે, કઠિન વાત છે.

જે અહિંસક છે એ જ પ્રેમી બની શકે છે. અહિંસાનું લોહચુંબક પ્રેમને આકર્ષી લાવે છે. અહિંસક ગમે ત્યાં જાય એ માનવજાતને પોતાની બનાવી દે છે, એને પૂર્વગ્રહની દીવાલો અંતરાય નથી કરતી, એ દીવાલોથી ઉપર હોય છે.

શાંતિ આવે છે સંયમથી. વિલાસી આત્મા, ભોગી આત્મા, કામી આત્મા, કયારે પણ સ્થિર નથી થઇ શકતો, શાંત નથી રહી શકતો. એનું મન ભટકયા જ કરે છે, એ ચંચળ છે, કોઈ એક સ્થળે શાંત બેસી પણ શકતો નથી.

તમે ભારતના મોટા વૈજ્ઞાનિક સી. રામનનું નામ તો સાંભળ્યું જ હશે. એ જ્યારે નાના હતા ત્યારે એમના પિતાએ એક દિવસ એમને એક પ્રયોગ બતાવ્યો. હાથમાં magnifying glass લીધો. પ્રભાતનાં સૂર્યકિરણો ઘરમાં આવી રહ્યાં હતાં. રામને હાથ લંબાવ્યો અને એ magnifying glassમાંથી સૂર્યનાં કિરણો પસાર થવા લાગ્યાં. એ કિરણો અગ્નિ બની ગયાં અને રામનનો હાથ દાઝવા લાગ્યો. રામને ચીસ પાડી. પિતાએ કહ્યું "જો, આ કોમળ કિરણો પણ એકત્રિત બને છે ત્યારે એક શકિત બની જાય છે – અગ્નિની શકિત. એ શકિત કચરાને, વસ્તુને બાળી શકે છે. તારે કોઇ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવાની શકિત જોઇતી હોય તો તારી ઇંદ્રિયોને એકત્રિત કર, કેન્દ્રિત કર."

ભારતને રામન જેવા એક શાંત વૈજ્ઞાનિક મળ્યા એનું મૂળ કારણ એમની સ્થિરતા છે. જે સ્થિર છે તે શાંત છે.

અહિંસાથી પ્રેમ આવે છે, સંયમથી શાંતિ આવે છે, તપશ્ચર્યાથી શકિત આવે છે.

દુનિયામાં તમને એવો કોઇ માણસ નહિ મળશે જેણે તપશ્ચર્યા ન કરી હોય અને શકિત મેળવી હોય. કોઈપણ ક્ષેત્રમાં જોશો તો શકિતનું મૂળ તપ છે. તપ એટલે ભૂખ્યા મરવું એમ નથી, ખાલી ઉપવાસ એટલો જ તપનો અર્થ નથી. જે અંદરથી મનનું સંશોધન કરે છે અને બહારથી ઇંદ્રિયો ઉપર વિજય મેળવે છે તે તપ છે. આ સંશોધન માટે કોઈ પણ વસ્તુની આવશ્યકતા રહે તે ચિંતન કે ઉપવાસ છે. એથી ધીરે ધીરે એ પંથ ઉપર આવે છે, સહનશીલ બને છે અને શકિતનો સ્વામી બને છે.

ભગવાન મહાવીરની સાધનાનાં આ ત્રણ સાધન હતાં. અહિંસા, સંયમ અને તપ. અહિંસાથી પ્રેમ આવ્યો, સંયમથી શાંતિ આવી અને તપશ્ચર્યાથી શકિત આવી, અને એ મહાવીર બન્યા. એ મહાવીર એટલે કહેવાયા કે પ્રાણીમાત્ર પ્રત્યે એમના મનમાં પ્રેમ હતો, ચૈતન્યમાં શાંતિ હતી અને આત્મામાં અનંત શકિત હતી. આ ત્રણ સાધન વડે દુનિયાને એ જે કાંઇ આપવા માગતા હતા એ આપી શકયા અને આપવા માટે જ તો એ આવ્યા હતા. એમણે જે આપ્યું એનો એક મહાન વારસો આપણી પાસે છે. આપણું એ ઉત્તરદાયિત્વ છે કે આ મહાન વારસાને ઝીલવા માટે આપણા જીવનપાત્રને મહાન બનાવીએ.

હું જોઈ રહ્યો છું કે આપણે ભગવાન મહાવીરનું નામ લઈએ છીએ પણ આપણા પ્રાણોમાં ભય છે અને મનમાં મૂર્ચ્છા. જેના પ્રાણોમાં ભય અને મનમાં મૂર્ચ્છા તેમહાવીરનો અનુયાયી કઇ રીતે બની શકે?

જે રાજ્યમાં મારું શૈશવ મેં અભ્યાસમાં અભ્યાસમાં વિતાવ્યું એ મૈસુર રાજ્યના શ્રી નિજલિંગાપ્પા મુખ્ય પ્રધાન છે. આપણા મહારાષ્ટ્ર રાજ્યના શ્રી નાયક મુખ્ય પ્રધાન છે. આગળ વધીને શ્રીમતી ઇંદિરા ગાંધી ભારત દેશના વડા પ્રધાન છે પણ ભગવાન મહાવીર તો વિશ્વના, આખી દુનિયાના વડા પ્રધાન છે, ખરું ને?

મૈસુરના મહારાજા શ્રી કૃષ્ણરાજેન્દ્ર એક વખત

જર્મની ગયેલા અને ત્યાંની વિદ્યાપીઠના પ્રાધ્યાપકને મળવા ગયા. પૂછ્યું ક્યાંથી આવો છો? કૃષ્ણરાજેન્દ્રે કહ્યું કે હું મૈસુરથી આવું છું અને ત્યાંનો મહારાજા છું. પ્રાધ્યાપકે શું પૂછ્યું એ તમે જાણો છો? 'અરે, પેલા રામશાસ્ત્રીવાળું મૈસુર?' કૃષ્ણરાજેન્દ્ર જ્યારે મૈસુર પાછા આવ્યા ત્યારે રામશાસ્ત્રીને બોલાવીને હસતાં હસતાં વાત કરી: "જુઓ, સ્વદેશમાં તમે મારી પ્રજા છો પણ પરદેશમાં હું તમારી પ્રજા છુ. જર્મનીમાં મને ઓળખ્યો નહિ અને પૂછ્યું કે તમે રામ-શાસ્ત્રીવાળા મૈસુરના રાજા છો? પરદેશમાં પ્રસિદ્ધિ વૈભવની નહિ, વિદ્વત્તાની છે."

"विद्वान सर्वत्र पूज्यते" ભગવાન મહાવીરને કોઈ દીવાલ કે બંધન નથી, કોઈ કોમ કે જાત નથી, કોઈ દેશ કે પ્રાંતનો આગ્રહ નથી. ભગવાન મહાવીરે તો હરિજનો અને ચંડાલોને પણ દીક્ષા આપી તાર્યા છે અને અનાર્ય દેશના આર્દ્રકુમારને પણ ઉગાર્યા છે.

ભગવાન મહાવીર રાગદ્વેષથી મુકત હતા. જે જમાનામાં "स्त्री स्वातंत्र्यम् न अर्हति" એવા માનનારા હતા એ જમાનામાં ભગવાને ચંદન-બાળાને દીક્ષા આપી અને કહ્યું "નારી પણ મોક્ષ માટે એટલી જ અધિકારી જેટલો પુરુષ. નારી શકિત છે અને નારી તો એક શરીર છે, એમાં આત્મા તો સમાન જ છે.જે નારીને નારીના રૂપે જુએ છે એની પાસે આત્માનું દર્શન નથી પણ નારીમાં જે આત્મા જુએ છે એ જ સાચો જોનારો છે."

આજે ભારતમાં શ્રીમતી ઇંદિરા ગાંધી વડા પ્રધાન છે. નારીસ્વાતંત્ર્યનું મૂળ કયાં છે? જો નારીને આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં સ્વતંત્રતા ન મળી હોત તો આજ જે સ્ત્રીશકિત દુનિયામાં કામ કરી રહી છે એ ક્યાંથી હોત?

મોટો રસ્તો થયા પછી કે સરિયામ રસ્તો ચાલુ થયા પછી રાજમાર્ગ પહેલાં પગદંડી શરૂ કરનારો ભુલાઈ જાય છે. હું એની યાદ આપવા આવ્યો છું.

જૈન ધર્મમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ મળે છે ત્યારે સંઘ થાય છે. મનુષ્યના શરીરમાં જેમ ડાબી અને જમણી આંખનું સ્થાન છે એમ જૈન ધર્મમાં સ્ત્રી અને પુરુષનું પવિત્ર સ્થાન છે. ભગવાન મહાવીરે આ ચારેને ઉચ્ચ પદ આપી સંઘ નામની પવિત્ર વ્યવસ્થાનું સંસ્થાન કર્યું.

ભગવાન મહાવીર અભય હતા એટલે એમણે સ્ત્રીને દીક્ષા આપી અને સમાજમાં એક નવી પ્રણાલિકાનું પદ પ્રસ્થાન કર્યું.

એ જમાનામાં એવા લોકો પણ હતા જે પોતાના સ્વાર્થને સાધવા યજ્ઞને નામે હિંસા કરતા અને સોમપાનને નામે સુરાપાન કરતા. એમના વિરોધની પરવા કર્યા વિના એમની સામે સત્યને બોલવું એ કોઈ નાની વાત નથી.

ગયા અઠવાડિયામાં જોયું નહિ? ૪૯ વર્ષના આશાસ્પદ એવા ડો. માર્ટીન લ્યુથર કિંગને એક પાગલની ગોળીએ મારી નાખ્યો. જે ઝઘડા કરે છે એ પાગલ હોય છે, પાગલ નહિ હોય તો એ ઝઘડા નથી કરી શકતો. પ્રેમને છોડવો એ કોઈ સહેલી વાત છે? ઝઘડા કરવા માટે મારવા માટે તૈયાર થવું પડે છે; પોતાના પ્રેમને બહાર ફેંકીને, બહારની દુશ્મનાવટ અને ક્રોધને અંદર લાવવા પડે છે. જે ખરાબ વસ્તુઓને અંદર લાવી શકે છે તે પાગલ થઈને ઝઘડા કરી શકે છે.

ગાંધીજીની હત્યા થઇ, અબ્રાહમ લિંકનને વીંધી નાખ્યા, છેલ્લે ડો. માર્ટીન લ્યુથર કિંગ જેવાનું પણ ખૂન થયું. આપણે આ મૃત્યુને દુઃખથી જોઈએ છીએ, regretકરીએ છીએ પણ મરનાર છે તે તો આમ મરીને અમર થઈ જાય છે! ગમે

તેટલું સાચવો શરીર તો પડી જ જનારું છે પણ એ જ્યારે સારું કામ કરતાં કરતાં, દુનિયાને ઉપર લાવતાં લાવતાં, પ્રેમ અને મૈત્રીનો સંદેશો ફેલાવતાં ફેલાવતાં જે ખતમ થઈ જાય છે તે મરતો નથી પણ અમર થઈ જાય છે.

આજે આપણે સર્વત્ર એ અમરતાનો સંદેશ ફેલાવવાનો છે. હું ઇચ્છું કે મુંબઇની વિશાળ નગરી અને એની મહાન પ્રજા આજે એકત્રિત થઇને જે પ્રકારથી ભગવાન મહાવીરનું જન્મ કલ્યાણક ઊજવે છે એ પ્રકારે શ્રી રામચંદ્રજીની, ભગવાન બુદ્ધની, શ્રી હેમચંદ્રાચાર્ય જેવા અનેક સંતોની જયંતી ઊજવે. આ સંતોની જયંતીઓ ઉજવીશું તો જ એમના વિચારોનું ચિંતન કરવા અને મૂર્ત કરવાનો સમય મળશે.

થોડા વર્ષો પહેલાં જ્યારે અહીંઆં ભગવાન મહાવીરનું જન્મ કલ્યાણક ઉજવવામાં આવેલ ત્યારે મહારાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી શ્રી નાયક અતિથિવિશેષ હતા ત્યારે મેં એમની આગળ આ વાત મૂકી હતી. એમણે કહેલું : "મહારાજશ્રી હવે અમે અને તમે મળીને પ્રત્યેક વર્ષ બધા મહાપુરુષોની જન્મજયંતી ઉજવીશું." હું સ્વપ્નાં જોઈ રહ્યો છું. એ શુભ અવસર કયારે આવે? આશા છે. આપણા મહાપૌર આનું નેતૃત્વ લે.

નાના માણસોની જયંતીઓ ઊજવાય છે પણ દુનિયાને માટે અને દેશને માટે જેમણે પોતાના જીવનનું દાન કર્યું એમને માટે આપણે જો કાંઈ નહિ કરીએ તો હું કહું છું કે આપણે કદી કૃતઘ્ન નહિ બની શકીએ.

આવા મહાપુરુષની જયંતી ઉજવીએ છીએ ત્યારે આપણામાં એક પ્રકારની ઉષ્મા આવે છે. ઠંડા પડેલા આપણા પ્રાણમાં ઉષ્માનો સંચાર થાય છે અને આપણા દિલમાં એક ચિરાગ પ્રગટ થાય છે. મહિનાઓ સુધી એ હવા રહે છે, એ મસ્તી રહે છે, એ મંત્ર આપણા મગજમાં ગુંજ્યા કરે છે.

આ નગરીની વિશિષ્ટતા એ છે, અહીં જ્ઞાતિનું, પ્રાંતનું કે ભાષાનું બંધન નથી, નાના નાના ધર્મોનાં ઝનૂની વર્તુલ નથી, Cosmopolitan city છે. કોઈ સારી વાત જુએ તો ચૂંટી લે. હા, થોડાક માણસો એવા પણ હશે. આપણી વાતથી વિરુદ્ધ જનારા! પણ એમની સાથે આપણે શું કામ છે? આપણો અવાજ મોટો કરવાનો છે તો ધીરે ધીરે એ અવાજ દબાઇ જશે. આપણામાં વિશાળતા અને વિરાટતા લાવવાની છે.

ભગવાન મહાવીરના જન્મદિને દિલમાં એક સંકલ્પમય પ્રાર્થના ગુંજે છે. "માનવ મનમાં અહિંસા, સંયમ અને તપના બીજ આજ વવાઓ." અહિંસાથી પ્રેમ આવે, સંયમથી શાંતિ આવે અને તપથી શકિત આવે.

જે માણસ પાસે પ્રેમ છે, શાંતિ છે અને શક્તિ છે એ મનુષ્ય છે, સાચો મનુષ્ય છે. આવો નાગરિક દુનિયાને માટે પણ આશીર્વાદરૂપ છે.

મારું પ્રવચન સમાપ્ત કરતા પહેલાં હું એટલું જ આપને કહેવા ઈચ્છું છું કે પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે કે જીવનમાં પ્રેમ, અહિંસા અને શાંતિનું પ્રતિષ્ઠાપન કરે અને એ માટે દિલમાં જે વિષમતા છે એ વિષમતાને દૂર કરીને સમતાની પ્રતિષ્ઠા કરે. આપણા મનમાં સમતાની પ્રતિષ્ઠા થતાં બધા પ્રાણીઓ પ્રત્યે પ્રેમની ગંગા વહેશે. આજની આ વિરાટ માનવમેદની પ્રેમની આ ગંગાને પોતાના જીવનમાં વહાવશે તો હું સમજીશ કે ભગવાન મહાવીરનો જન્મદિન આપણે સાચા અર્થમાં ઉજવ્યો છે.

ભગવાન મહાવીરનો જન્મોત્સવ ઉજવવા માટે શ્રી નિજલિંગાપ્પા ઘણીઘણી પ્રવૃત્તિઓમાં હોવા છતાં આ અવસર ઉપર ત્યાંથી દોડીને આવ્યા "દોડીને" કારણકે સમય થોડો હતો.

આપણા કલાકારો જેમને સમાજે વિલાસની ઠોકરે ચઢાવ્યા છે, એમના માટે સારો અભિપ્રાય નહિ, તો એ પણ સમાજને જુદી જ નજરે જુએ

છે. મેં કહ્યું "આવો, તમે ભગવાનનાં ગીત ગાઓ, ભગવાનની સ્તુતિ કરો તો તમારા મનમાં પણ એક મંગળમંત્રનો ઉદય થશે."

હું ઇચ્છું કે આ નવકારમંત્ર અને મૈત્રીનું ભાવગીત ઘરઘરમાં ગુંજે. પ્રભુ મહાવીરનો અહિંસા, સંયમ અને તપનો સંદેશ માનવી માત્રના મનમાં ગુંજે અને એ મર્ત્યમાંથી અમર્ત્ય બને, નરમાંથી નારાયણ બને, આત્મામાંથી પરમાત્મા બને એવી નમ્ર પ્રાર્થના સહ શુભેચ્છા.

★


## ❋ નવા વર્ષનું લવાજમ ભરવાનાં સ્થળો ❋

"દિવ્ય દીપ કાર્યાલય"
C/o. શ્રી ચંદુલાલ ટી. શાહ
ક્વેન્ટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ,
મુંબઇ ૧. ટે. ૨૫૪૩૭૬

★

મેસર્સ અશોક બ્રધર્સ
૫, એસેમ્બ્લી લેઈન,
દાદીશેઠ અગીઆરી લેઈન,
જી. ટી. હાઇસ્કુલ પાસે, મુંબઈ ૨

★

શ્રી દીપક મેડીકલ સ્ટોર્સ
૧૮, એ સદાશિવ સ્ટ્રીટ
મુંબઈ ૪ ટે. ૩૫૫૭૧૨

★

શ્રી માણેકલાલ જી. વોરા
મણીબાઇ ટ્રસ્ટ હાઉસ,
૧૮૪, સાયન રોડ–સાયન, મુંબઇ

★

શ્રી વિજયાબેન તલસાણિયા
પાર્વતી સદન, તિલક રોડ,
ઘાટકોપર, મુંબઈ ૭૭

શ્રી કલ્યાણજી વી. મહેતા
૫૨૩, કોટન એક્સચેન્જ બિલ્ડીંગ,
પાંચમે માળે, કાલબાદેવી રોડ,
મુંબઈ ૨ ટે. નં. ૩૧૯૫૮૮

★

શ્રી રતિલાલભાઈ
C/o કોટ શ્રી શાંતિનાથજી
જૈન દહેરાસર, બોરાબજાર, કોટ ૧

★

શ્રી પી. આર. નાયક
C/o ગોડીજી જૈન દેરાસર
પાયધુની, મુંબઈ ૩
સવારે ૭ થી ૧૧, સાંજે ૫ાા થી ૯ાા

## ❋ બહારગામમાં નવા વર્ષનું લવાજમ ભરવાનાં સ્થળો ❋

**કલકત્તા**
શ્રી જમનાદાસ ડી. શેઠ
૩ એફ, રૂપચંદ રૉય સ્ટ્રીટ,
કલકત્તા ૭

**ભરૂચ**
શા. ચંપકલાલ ચુનીલાલ દલાલ
ઉંડી વખાર, ભરૂચ

**મદ્રાસ**
મેસર્સ એમ. સી. દલાલ એન્ડ કું.
૧૦૦, નેનાપ્પા નાયકન સ્ટ્રીટ,
મદ્રાસ ૩.

**ભાવનગર**
શા. સવાઇલાલ ઓધવજી
"પારસ"
તળાવની પાળ, ભાવનગર

**સોલાપુર**
મુળજીભાઈ પારેખ
૧૬૦૨, બુધવાર પેઠ, સોલાપુર


**અમદાવાદ**
વીરેન્દ્ર ભોગીલાલ શાહ
ઘાંચીની પોળ સામે,
દહીની ખડકી, માણેક ચોક,
અમદાવાદ

**સુરેન્દ્રનગર**
શાંતિલાલ એમ. કપાસી
C/o મહાલક્ષ્મી ટોકીઝ
સુરેન્દ્રનગર

## પ્રકાશનનું પ્રકાશન



તા. ૨૫-૪-૬૮ રવિવારે બપોરે પૂ. ગુરુદેવનું પુસ્તક 'Lotus Bloom'નું ઉદ્ઘાટન મુંબઈ યુનિવર્સિટીના રેકટર પ્રો. જી. ડી. પરીખના વરદ હસ્તે થયું તે પ્રસંગે ડૉ. પરીખને વાસક્ષેપ આપી રહ્યા છે. દિવ્યદીપના તંત્રી ચંદુલાલ ટી. શાહ સાથે છે.




## મહાપૌરનું મહામુનિને વંદન

મુંબઇ સુધરાઇના નવા મેયર ડૉ. કુલકર્ણી જેવા ચુંટાઇને આવ્યા કે તરત સાંજે પૂ. ગુરુદેવના આશીર્વાદ લેવા કોટના ઉપાશ્રયે આવ્યા તે પ્રસંગે તેમની સાથે શ્રી જમીયતરામભાઈ જોશી અને સંઘના પ્રમુખ શ્રી ચુનીભાઇ આવ્યા તે ચિત્રમાં દેખાય છે.

સાગર કે માનવસાગર?






વ્યાસપીઠને પૂ. ગુરુદેવ, પૂ. બલભદ્ર મહારાજ,
ડૉ. કુલકર્ણી અને શ્રી નિજલિંગાપ્પા શોભાવે છે.

## અંતરના અભિવાદન




ભગવાન મહાવીરના ૨૫૬૬મા જન્મકલ્યાણુક નિમિત્તે યોજાયેલ વિરાટ સભાના અતિથિ-વિશેષ પ્રમુખ શ્રી નિજલિંગાપ્પા પૂ. ગુરુદેવ પાસે આશીર્વાદ લઈ રહ્યા છે.

**પ્રથમ પંક્તિના માનવીઓ પ્રથમ પંક્તિની સેવામાં**




પ્રભુ મહાવીરના જન્મકલ્યાણુક પ્રસંગે ચોપાટી ઉપર મળેલ જંગી વિરાટ સભામાં પ્રવચનકાર માટે ખાસ તૈયાર કરવામાં આવેલ મંચ ઉપરથી જનસમુદાયને પૂ. ગુરુદેવ પ્રભુના ઉપદેશનું અમૃતપાન કરાવી રહ્યા છે.

વ્યાસપીઠ ઉપર પૂ. મુનિશ્રી બલભદ્રમહારાજ, નગરપતિ ડો. કુલકર્ણી, શ્રી નિજલિંગાપ્પા, શ્રી એસ. કે. પાટીલ, મુંબઇ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી હાફિઝકા, ડો. શાંતિ પટેલ, શેઠ માણુકલાલ ચુનીલાલ, ભાવનગરના મહારાજા શ્રી વીરભદ્રસિંહજી, સંગીતકાર શ્રી કલ્યાણજી, મુબઈના શેરીફ ડો. સોરાબખાન અને શ્રી આણંદજીભાઈ જણાય છે.

# મુંબઈનાં કતલખાનાં આઠ દિન બંધ કરાવનાર જૈન મુનિ
# જગમાં જેનો જોટો જડે નહિ એવું શકવર્તી કાર્ય

પૃથ્વીનો પાયો પ્રેમ છે.

જીવનનો ચિરાગ દયા અને દાન છે.

એક તરુણ સાધુ નાકની દાંડીએ વિહરતો હતો અને વિચારતો હતો કે જીવનનું અમૃત પ્રેમ છે. જીવનનું ઝેર હિંસા છે. સંસારની આ વાડીઓમાં અહિંસા, પ્રેમ, દયા અને દાનનાં વાવેતર કરું, અલબત્ત ખેતર, સર્વ ઉખર છે અને હવા બધી ઝેરી છે છતાં કલ્યાણ ભાવનાને વરેલો સાધુ કદી નિરાશ ન થાય.

એક દહાડો ભારતવર્ષમાં આચાર્યશ્રી હીરવિજયસૂરિજીએ આ ભાવનાનાં વાવેતર કર્યાં હતાં અને મહાન શહેનશાહ અકબરને અહિંસા તરફ વાળ્યો હતો. જીવમાત્રને અભયવચન આપનાર અમારિપડહ વગડાવ્યો હતો. હું શા માટે એમ કરી શકું નહિ? એ શહેનશાહીના દિવસો હતા, આ લોકશાહીનાં છે.

એ અદના સાધુરાજનું નામ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ઉપનામ ચિત્રભાનુ. આ હોંશને હૈયામાં લઈને જ્યારે સાધુરાજે કોઈ નાનું ગામડું નહિ, કોઈ નાનું શહેર નહિ, પણ બત્રીસ બંદરના વાવટા જ્યાં ફરકે છે એ મુંબઈ શહેરનેજ પસંદ કર્યું અને ત્યાં પણ જ્યારે અઢારે વર્ણને અહિંસા પળાવું, બાર બાગ ને બાવન ચૌટાંવાળી નગરીમાં જીવદયાની ઉદ્દઘોષણા કરાવું એવી ભાવના પ્રગટ કરી ત્યારે કોઈએ તેમને દીવાના લેખ્યા, ખારા દરિયાને મીઠો બનાવવા જેવી આ વાત હતી. જીવદયા પ્રેમીઓ જ કહેવા લાગ્યા.

જાણો છો મુંબઈ ૫૦ લાખની આબાદીવાળું શહેર છે.

જાણો છો મુંબઈની પ્રજા પચરંગી છે. જૈન સાધુ માટે તેઓનો સંપર્ક શક્ય નથી.

જાણો છો મુંબઈ મોટા ભાગની પ્રજા માંસાહારી છે!

તરુણ તપસ્વી આ પ્રત્યવાયોથી લેશ પણ પાછા પડયા નહિ. અનેક સહભાવીઓની મશ્કરીઓને સમભાવે સહી લીધી. તેઓએ કહ્યું :

'તમે વૃક્ષને મહાન માનો છો, હું બીજને મહાન લેખું છું. ઘોર અંધકારને પથરાયેલો જોઈ સૂરજ કદી વાદળોમાં છુપાઈ રહેવાનું પસંદ કરતો નથી. એ તો માને છે કે ફરે છે એ ચરે છે ને કાર્ય સિદ્ધ કરે છે.'

એ પુનિત સાલ હતી ઈ. સ. ૧૯૬૦ની હાથમાં દંડોને બગલમાં બિસ્તરો લઈને પગે ચાલતા એ મુંબઈમાં આવ્યા. ઓહે હો! સાગરના તરંગો ગણી શકાય તો અહીંની વસતી માપી શકાય અને હિંસા તો અહીંના કણેકણમાં ભરી હતી. એક પળ માટે પણ અહિંસાનો વિચાર અશક્ય હતો.

પણ ડુંગરા ડોલતા નથી. મુનિરાજ અડોલ રહ્યા. ઘરઘરની ભિક્ષા અને પળપળનો ઉપદેશ જીવનનાં વ્રત હતાં. તેઓએ પ્રત્યેક શાળા, પ્રત્યેક કોલેજમાં પ્રવચનો આપવા શરૂ કર્યાં ને જુવાનીને જગાડી. પછી તો આ પ્રેમ, શીલ અને સમન્વયભર્યા પ્રવચનોની માંગ વધતી ગઈ અને મુંબઈની ગલી ગલીનાં નિમંત્રણો આવ્યાં. શેરી શેરીનાં નોતરાં આવ્યાં. સમાજો જાગ્યા, સભાઓ જાગી, હિન્દુ, મુસ્લીમ, પારસી, ઈસાઈ, શીખ સહુ પ્રવચનના રસિયા બની ગયાં, સહુ કહેવા લાગ્યાઃ

"અહોહો ! દરિયાનાં પાણી જેટલાં મુકત છે, એટલી સાધુની વાણી મુકત છે. હરકોઇ પોતાની જીવનનાવ એમાં તરાવી શકે છે"

સાધુરાજ સહુના બની ગયા.

એક દહાડો એમણે સાદ દીધો.

આવે છે ચૈત્ર સુદ તેરસ.

અહિંસાના અવતાર ભ. મહાવીરનો જન્મ દિન ! વીરનો એ જન્મદિન વીરત્વનો સંચાર કરનારો હોવો ઘટે. એ દહાડે નિર્બળ માત્રને રક્ષણ મળવું જોઇએ, જીવમાત્રને અમાનત બક્ષવી ઘટે, આખો સંસાર 'મત્સ્ય ગલાગલ" ન્યાયથી જીવે છે. સબળ માછલું નિર્બળ માછલાને ખાય છે. આ ન્યાયથી સંસાર હજારો સગવડો છતાં દુઃખી ને દુઃખી રહ્યો છે. પ્રેમ આપો ને પ્રેમ લો. અહિંસા પાળો ને પ્રેમ મેળવો. સંસારને સ્વર્ગ બનાવવા ભણી એક ડગ આજે માંડો !

વાત તો મેરૂ પર્વતને ડોલાવવા જેવી હતી. પોલાદને મીણ બનાવવા જેવી હતી. પણ અલગારી ને અવધૂત માનવીઓ પરાજયને જાણતા નથી, પરાજયમાં વિજય જોનારા હોય છે.

એ સાલ ૧૯૯૩ ની હતી.

મુંબઈ નગરપાલિકાના મેયર શ્રી ઈશાકભાઇ બંદુકવાલા હતા. મુનિરાજ સ.મા પગલે જઈને ઊભા રહ્યા ને પોતાની ટહેલ નાખી. કહ્યું કે:

"ખુદા પોતાના બંદાઓ દ્વારા સારા કામ કરાવે છે ને કીર્તિ વધારે છે.

મહામના ઇસાકભાઇએ કહ્યું.

"શું માગો છો ?"

"એક દિવસ જીવમાત્રને અમાનત. અહિંસાના પેગંબર મહાવીરના જન્મદિને મુંબઈનાં કતલખાનાંમાં એક પણ જીવ કપાવો જોઇએ નહિ !"

અધધ ! કેવી ગજબ માગણી ! મુંબઇના શું, ભારતના શું, જગતના ઇતિહાસમાં આ વાત બનવી અસંભવ છે. કેટલી વિશાળ પ્રજા, કેટલી ગંજાવર પશુઓની હત્યા જ્યાં એક કલાકની અહિંસા પણ મુશ્કેલ છે.

મુનિરાજ શ્રદ્ધા પ્રેમની મૂર્તિ બનીને આવ્યા હતા. તેજ ભર્યું ગૌરવર્ણ મેં પ્રતિભા પાડતું હતું. ભેખધારીની ભરી જુવાનીનું આકર્ષણ અજબ હોય છે.

માનનીય ઈસાકભાઈએ કસાઇઓને મુનિરાજશ્રી સામે નિમત્ર્યા. મુંબઇમાં મિયાં ને મહાદેવનો ઘાટ રચાયો પણ મહારાજશ્રીની વાણીએ એ દિલોમાં મમત્વ જગાડયું ને ઈતિહાસ ન બનેલો બન્યો.

કસાઈઓએ કોલ આપ્યો.

મહાવીર જયંતીએ કતલખાનાં બંધ રાખીશું.

મુનિરાજશ્રી તો સદ્ધર્મના પ્રચારના રસિયા હતા. તેઓએ મેયરશ્રીને કહ્યું:

'સારી વસ્તુની હમેશાં જાહેરાત થવી ઘટે. આજ સુધી જૈનો મહાવીર જયંતી ઉજવતા, આજ તમે નેતૃત્વ લો ને સભા બોલાવો. અહિંસાના પેગંબરનો જન્મદિન મુંબઇના નગરજનોની એક સમિતિ બનાવી ઉજવો.'

નગરપતિને મુનિરાજશ્રીનું સૂચન યોગ્ય લાગ્યું. તે પ્રકારની વ્યવસ્થા થઈ.

મુંબઇની ચોપાટીના સાગરતટે વિરાટ સભા એકત્ર થઈ. મુંબઈ ધારાસભાના નેતા શ્રીમાનભારદે અધ્યક્ષ પદે બિરાજયા.

એ વિરાટ સભાને સંબોધતાં મહારાજશ્રીએ કહ્યું:

"આજ ભગવાન મહાવીરનો જન્મદિન છે. મહાવીર અહિંસા અને પ્રેમના પેગંબર હતા. એ દિવસ અહિંસાને પ્રેમથી ઉજવવો જોઈએ. મુંબઈની આમ જનતાએ નિરધાર કર્યો છે ને પરિણામે કદી બંધ ન થયેલાં કતલખાનાંનાં કમાડ આજ બંધ થયાં છે. કોટા પણ કેન્સલ થયો છે. જીવન જેવી પ્યારી કોઈ ચીજ નથી. આજ પ્રાણીઓ અભયવચન પામી આનંદ કરી રહ્યા હશે. તમે જીવન આપ્યું તો તમને જીવન મળશે. કરશો તેવું પામશો, વાવશો તેવું લણશો."

વિરાટ સભા પર આ વાણીના તરંગો જાદુ વેરી રહ્યા હતા. સાધુરાજની અહિંસા સર્વવ્યાપી હતી. તેઓએ આગળ વધતાં કહ્યું :

"આ પ્રસંગે હું એક વિચાર રજુ કરું છું. કતલખાનાં એક ભગવાન મહાવીરની જયંતીએ કેમ બંધ રહે? ભ. બુદ્ધના જન્મદિને, ભ. રામના જન્મદિને, કૃષ્ણાષ્ટમીએ, સંવત્સરીએ, ગાંધી જયંતીએ અને ગાંધી પુણ્યતિથિએ શા માટે બંધ ન રહે? એક દહાડાના સાત દહાડા કેમ ન થાય? આ બધા દિવસો પણ મહત્વના છે." વાત સુંદર હતી પણ કઠિન હતી. પણ કઠિન કામને સહેલું બનાવનારા સાધુ પુંગવો હોય છે.

આખા વર્ષ દરમિયાન આ વિચારને તેઓ વાતાવરણમાં ભરી રહ્યા. પ્રચાર માટે મુંબઈના પરાઓમાં આવ્યા, પરાઓમાં પણ હિંસાનાં મુખ્ય ધામ માહીમ અને વાંદરામાં આવ્યા. અહીં માછીમારો અને કસાઈઓની વસ્તી વિપુલ પ્રમાણમાં છે.

મહામના સાધુરાજનાં દયા અને પ્રેમ પૃથ્વીના હરએક જીવ પર વહેતા હતા. તેઓ જરાય સંકોચ વગર માછીમારો અને કસાઈઓના ધામમાં પહોંચી ગયા. પોતાની અમૃતવાણી તેમને સંભળાવવા લાગ્યા.

કસાઈઓના આગેવાન દિલેરદિલના મહમદભાઈએ કહ્યું : "મહારાજશ્રી! અમારા બાપદાદાનો આ ધંધો છે. અમને ગમતો નથી, પણ રોટી માટે કરીએ છીએ. આપ અમારા કરતાં ખાનારને ઉપદેશ આપો. માંસ ખાનાર ઘટશે તો અમે કયાંથી હત્યા કરવાના હતા!"

મહારાજશ્રીને મહમદભાઈના શબ્દો ઊંડી સમજ અને માનવતામાંથી આવતા લાગ્યા.

આમ વિચારો મૂર્તિરૂપ બન્યા, ને બીજે વર્ષે સર્વધર્મના ગૃહસ્થોની એક નાગરિક સમિતિ સાથે મુનીરાજશ્રી સુધરાઈના સભાગૃહમાં જઈ પહોંચ્યા ને અહાલેક પોકાર્યો કે 'સાત દિવસ કતલખાનાં બંધ રાખો.'

લોકતંત્રમાં તો ઠરાવ મોટી વાત છે. પણ મેયર ડો. દિવગી પર બાબાની ભભૂત કામણ કરી ગઈ. કોરપોરેટર શ્રી જીવરાજભાઈ ભાણજીભાઈએ વેગ આપ્યો, ને ઠરાવ આવ્યો.

કમિટીઓ, સબ કમિટીઓમાંથી ચવાતો ચવાતો એ ઠરાવ સ્ટેન્ડીંગ કમિટીમાં આવ્યો.

એક દેશને સર કરવા જેટલી જહેમત ઉઠાવવી પડે, એટલી જહેમત આ ઠરાવ પાસ કરાવવામાં હતી.

એક સભ્યે કહ્યું : 'બધા મહાપુરૂષોના જન્મદિને કતલખાના બંધ રહે તો શિવાજી મહારાજના જન્મદિને કેમ નહિ?'

પવિત્ર મન અને આચારવાળા મુનિએ હસીને કહ્યું : 'જો એ દિવસે પણ બંધ રહેશે તો હું ખૂબ રાજી થઈશ.'

સાતના બદલે આઠ દહાડા કસાઈખાના બંધ રાખવા એવો ઠરાવ મુંબઈ કોરપોરેશને પાસ કર્યો.

ને એ ચૈત્ર શુકલા ત્રયોદશીએ મેયર શ્રી દિવગી અને મુંબઈના ગૃહ પ્રધાન દેસાઈની હાજરીમાં મહાવીર જન્મદિન ઉજવાયો. નાત જાતના ભેદ વગર હજારો નર–નાર સભામાં એકત્ર થયાં ને મહારાજશ્રીની વાણી સાંભળી. ત્રીજું વર્ષ

આવ્યું. તા. ૧૩–૪–૬૫ ના રોજ મહાવીર જયંતીની વિરાટ સભાને સાધુરાજે પોતાની સુધાવાણીથી સંબોધી. સર્વ કોમો મળીને આ દિન ઉજવતી હતી. એમાં નગરપતિ માધવન હતા, મુખ્ય પ્રધાન નાયક હતા.

એક વર્ષે વીત્યું. વળી મહાવીર જયંતીનો અહિંસા પ્રેમનો દિન આવ્યો. મહારાજશ્રીએ પોતાની વાણીના અમૃત રેલાવ્યાં. સભામાં રેલ્વે પ્રધાન એસ. કે. પાટીલ ને મેયર શ્રી માધવન તથા ડો. ચેરિયન તથા શ્રીમતી ચેરિયને ભાગ લીધો.

મુંબઈને અહિંસા પ્રેમના દિનનું ને સાધુરાજની વાણીનું ઘેલું લાગ્યું, ભેદ ભુલાયા, પક્ષ વિસરાયા.

ગયે વર્ષે આ દયા પ્રેમના મહાદિનની ઉજવણીમાં સર્વ કોમોની વિનંતિથી મેયર શ્રી ડીસોઝા અને ગૃહ પ્રધાન શ્રી ચવાણ આવ્યા.

રે મુનિ! તેં તો જગને અહિંસા પ્રેમની માયા લગાડી! આ વર્ષે તા. ૧૧ મીએ અહિંસા પ્રેમના દિનમાં ભાગ લેવા કોંગ્રેસ પ્રમુખ નિજલિંગાપ્પા આવી રહ્યા છે. સાગરતટેથી જીવનસુખનો સંદેશ આપણા મુનિરાજશ્રી ચિત્રભાનુ આપશે. સંગીતસમ્રાટ શ્રી કલ્યાણજી આણંદજી પ્રેમધર્મભર્યા મધુર સરોદ રેલાવશે.

બડભાગી તું ચોપાટીનો સાગરતટ!

બડભાગી તું બડા શહેર બમ્બઈ!

તું જગતને અહિંસા પ્રેમનો સંદેશ આપીશ. તેં દેવનારનું થતું કતલખાનું અટકાવ્યું ને હજી અનેક અટકાવીશ.

તારો તટ જીવનની સાચી સ્વતંત્રતાનો પયગંબરી સંદેશ આપશે.

"જીવન જેવી પ્યારી કોઈ ચીજ નથી. હરેકના જીવનનું સ્વતંત્ર મૂલ્ય છે એ મૂલ્ય ખરીદવાનો કોઈને હક નથી. આ સત્ય સમજાશે ત્યારે જ સંસારમાંથી સ્વાર્થ, મારામારી, પ્રપંચ ને યુદ્ધ જશે. ધરતી સ્વર્ગ થશે."

લે. જયભિખ્ખુ (ગુજરાત સમાચારના સૌજન્યથી)

# કાનોમેં મધુગુંજન હો...

નમસ્કાર મહામંત્ર એ જીવનનો સાથી અને પરલોકનો ભોમિયો છે. જીવનમાં એવી એક પળ ન હો જેમાં આ મંત્રનું સ્મરણ ન હો, એવું એક પણ સ્થળ ન હો જ્યાં આ મંત્રનું ગુંજન ન હો. નમોઅરિહંતાણુંના શ્રવણ માત્રથી મોહનીય કર્મની ઓગણોતેર કોડાકોડી ક્ષય થાય આ મંત્ર ભાવાત્મક રીતે ગાવામાં આવે તો અંતરમાં ઉલ્લાસની ભરતી આવે અને વાસનાનો મળ ધોવાતો જાય. તો આ મંત્ર આપણાઆવાસમાં નિશદિન શા માટે ન ગુંજે? બ્રિજભૂષણે કેવા હૃદયસ્પર્શી ઊંડાણથી આ નમસ્કારમંત્રનું ગુંજન કર્યું છે?

આજના યુવક-યુવતીઓ ઘણીવાર સિને-ગીતો ગાતાં હોય છે. જેમાં કેટલાક કામોત્તેજક અને અસભ્ય પણ હોય છે. તેવા ગીતોને સ્થાને આપણે પ્રાચીન, આધ્યાત્મિક અને જીવનને પ્રેરણા આપે એવા ગીતો સુરીલા કંઠમાં અને ઉત્તમ સંગીતમાં નહિ મૂકીએ તો ઉગતા માનસનો પ્રવાહ નહિ બદલાય. નકારાત્મક ઉપદેશ દેવાથી કંઈજ વળતું નથી. "આમ ન કરો એમ કહેવા કરતાં, લો, આમ કરો." એમ કહી બતલાવવામાં કેટલી સારી અસર ઉગતા માનસ પર પડે છે તે આપ જાણો છો? "મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું" એક પ્રેરણા અને પ્રાર્થના ગીત છે. આધ્યાત્મિકતાથી ભરેલું છે. ભગવાન મહાવીરે ઉપદેશેલ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાથી સભર છે. આ ગીત શ્રી મુકેશે પોતાના સુમધુર કંઠમાં ગાયું છે. જાણીતા સંગીતજ્ઞ શ્રી કલ્યાણજી આણંદજીએ એમાં સંગીત આપ્યું છે. શ્રી જૈન ઉદ્યોગગૃહે એની રેકોર્ડ તૈયાર કરાવી છે.

નમસ્કાર મંત્રથી દૂર ભાગતા યુવક અને યુવતીઓના મનમાં પણ મહત્તાનો મંગળમય મહિમા પ્રગટાવે એવી આ રેકોર્ડ આપના આવાસમાં નહિ વસાવો?

– તંત્રી

# ❋ સંસ્થા સમાચાર ❋

★ તા. ૧૭–૩–૬૮ ને રવિવારે સવારે શ્રી નાથાલાલ ડી. પરીખ સ્મારક નિધિ તરફથી જૈન મહિલા સમાજને અપાયેલ પ્લોટ ઉપર ભૂમિ-પૂજનની ક્રિયા કરવામાં આવેલી. ત્યારબાદ પૂ. ગુરુદેવનું 'જીવન પ્રભાત' ઉપર પ્રવચન ગોઠવવામાં આવેલું. આ શુભ પ્રસંગે આમંત્રિત અગ્રગણ્ય સજ્જનો અને સન્નારીઓ આગળ પૂ. ગુરુદેવે પોતાની લાક્ષણિક શૈલીમાં "જાગૃતિ" એટલે પોતાની ક્રિયા ઉપર પોતાની ચોકી અને પ્રવૃત્તિ પાછળ રહેલા આશયને સમજવો એ વિષય ઉપર દૃષ્ટાંત આપી સુંદર સમજણ આપેલી.

★ તા. ૨૪–૩–૬૮ રવિવારે બપોરે ચાર વાગે કોટ શાંતિનાથ ઉપાશ્રયમાં ડિવાઈન નૉલેજ સોસાયટી તરફથી પૂ. ગુરુદેવના 'Lotus Bloom' નામના અંગ્રેજી પ્રકાશનનો પ્રકાશન વિધિ મુંબઈ યુનિવર્સિટીના રેકટર પ્રો. જી. ડી. પરીખના વરદ હસ્તે કરવામાં આવેલો. પુસ્તકનું ઉદ્ઘાટન કરતાં શ્રી પરીખે જણાવ્યું હતું કે આ પુસ્તક એકવાર નહિ પરંતુ વારંવાર વાંચવાની જરૂર છે. આજે માનવીના દુન્યવી વ્યવહારમાં અને આંતરિક વિચારણામાં મોટું અંતર પડયું છે. એ અંતર દૂર કરવા દરેકે પોતાને સુધરવાની જરૂર છે. ઈન્સાને પોતે બદલાવાની જરૂર છે અને તે માટે આ પુસ્તકના વિચારો ઘણા જ પ્રેરણાદાયી છે. પૂ. ગુરુદેવે જણાવ્યું હતું કે 'To nourish and cause to grow' એ વિદ્યાનું લક્ષણ છે. જે મનુષ્યની વૃદ્ધિમાં નિમિત્ત બને તે વિદ્યા છે. આજે માણસને ઉશ્કેરાટ કરાવે, ખરાબ કામ કરાવે એવી નોવેલ novels બહાર પડે છે. આવી ડીટેકટીવ વાર્તાઓ સામે સારા સાહિત્યની ખૂબ જરૂર છે. એ માટે જ્ઞાનની તૃષા જાગે, સદ્ગુણો પ્રત્યે આતુરતા જાગે તેવું પથ્ય સાહિત્ય સમાજને જરૂરી છે. વાચનથી સૌંદર્ય પ્રત્યે પૂજાનો ભાવ જાગે શિકારીનો ભાવ નહિ અને બીજા માટે લાગણી જાગે ઈર્ષા નહિ; આ રીતે સદ્ગુણો વૃદ્ધિ પામે તેવા જ જ્ઞાનનો પ્રચાર થવો જોઈએ.

★ તા. ૨૯–૩–૬૮ શુક્રવારે બપોરે ચાર વાગે જાદવજી મહારાજની સુપુત્રીઓ બાળ બ્રહ્મચારિણીઓ પાર્વતીબહેન અને લક્ષ્મીબહેનનું આમંત્રણ સ્વીકારી ૧૦૮ દૈવી ભાગવત પારાયણના પ્રસંગે પૂ. ગુરુદેવે નરનારાયણ મંદિરમાં એક મનનીય પ્રવચન આપ્યું હતું. પ્રવચન આપતાં પૂ. ગુરુદેવે જણાવ્યું કે આજથી મિત્રો, તમે પોતે જ દૈવી સ્વરૂપ છો, તમે જ શકિતના સ્વામી છો. શકિત બહારથી નથી આવતી, અંદર પડેલી છે. બહારથી લીધેલી, મેળવેલી શકિતથી તમે સમૃદ્ધ નહિ બની શકો. સત્ય, વિદ્યા, સદાચરણ, સ્મરણ અને ચિંતન દ્વારા અંદર પડેલી શકિત બહાર લાવવાની છે, આત્માની પૂર્ણતા પ્રાપ્ત કરવાની છે. જેમ ગાડીની ઉતરી ગયેલી બેટરીને બીજી બેટરી દ્વારા ચાર્જ charge કરી શકાય છે એમ સ્વાધ્યાય, ચિંતન અને શ્રવણ દ્વારા અંદર ઠંડી પડેલી આપણી બેટરીને charge કરવાની છે. પણ બેટરી આપણી છે. જો આપણે આપણો ઉદ્ધાર નહિ કરીએ તો આપણો ઉદ્ધાર કોઈ જ નહિ કરી શકે.

આજે આપણે સહુને મળવા જઈએ છીએ પણ આત્માને એકાંતમાં જઈને મળતા નથી. આપણું જોડાણ ઘણાની સાથે છે પણ પોતાની સાથે નથી. તમે એમ કદી વિચારો છો:

"મારો બંધુ, મારો સાથી કોણ? બીજો સથવારો હોય કે ન હોય, સભામાં હોઉં કે એકલો, મારો સાથી મારી સાથે છે." જેને આ સાથી મળી જાય એ નિર્બળ નહિ, સબળ છે. જેને આ જ્ઞાન થયું નથી એ ગમે એટલાં સ્તોત્રો બોલે, પૂજનો કરે, પારાયણ કરે પણ એને સાચો લાભ નહિ થાય. સદાચાર, બ્રહ્મચર્ય, વાણીની પવિત્રતા એ આપણું બળ છે. જેની પાસે સત્ય અને સંયમનું બળ નથી એને આત્માની પ્રાપ્તિ થતી નથી.

આત્માથી ડરીને પાપ ન કરે તે ઉત્તમ, સમાજથી ડરીને ન કરે તે મધ્યમ અને પોલીસના ડંડાથી ડરીને ન કરે તે અધમ. ઉત્તમ પાપ નથી કરતા. બળથી રાજી થવાનું નથી, બળ અને વિદ્યાનો ઉપયોગ કયાં થાય છે તે જોવાનું છે. અધર્મ અધર્મરૂપે જીવી શકતો નથી. અધર્મને પણ જીવવા તો ધર્મનો જ આશરો લેવો પડે છે. આ ધર્મનો વિજય નથી? ખોટા ચોપડા લખવા માટે ભગવાનનું નામ લે, દુકાનમાં ઈશ્વરનો ફોટો રાખે, ભલે એ કામ શયતાનનું કરે.

શકિત મેળવવામાં મહત્તા નથી પણ એને સારે માર્ગે વાપરવામાં છે! શકિત ભકિત માટે વપરાય તો ઊર્ધ્વગામી છે અને વિભકિત માટે વપરાય તો નાશ માટે છે. આજે દેશને શકિત મળી છે પણ ભકિત નથી મળી; સામ્રાજ્ય મળ્યું છે પણ સદાચાર નથી મળ્યો. સદાચાર અને સંયમ વિનાનું સામ્રાજ્ય વિનાશક બને છે.

આપણે ગાડી દોડાવ્યે જઈએ છીએ પણ કયાં જવું છે એ ખબર નથી. શકિત શા માટે છે? જીવન શા માટે છે? એનો વિચાર કરવાનો છે.

જો અવતારો અસુરને મારવા આવશે તો કેટલા અસુરોને મારી શકશે? સુર અને અસુર તો જોડકાંની જેમ, રાત અને દિવસની જેમ અંદર જ બેઠાં છે. એ અંદરના અસુરને મારવાનો છે. આંતરચક્ષુ ખોલી, બાહ્ય ચક્ષુ બંધ કરી અંદરના અસુરને ફેંકી દેવાનો છે. આ રીતે શકિત વડે અંદરના અસુરને ફેંકી દો તો તમારી સાધના તમને મુક્ત કરશે.

★ મુંબઈની જીવદયા મંડળીના સુવર્ણ મહોત્સવ પ્રસંગે આઝાદ મેદાનમાં ચાર દિવસ માટે અહિંસક ખોરાક અને અહિંસક જીવન ઉપર વધુ પ્રકાશ પાડતું એક સુંદર પ્રદર્શન ગોઠવવામાં આવેલું. એના ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૧૦-૪-૬૮ ને બુધવારે પૂ. ગુરુદેવ આશીર્વાદ આપવા ગયા હતા. અંતે રવિવારે તા. ૧૪-૪-૬૮ પ્રદર્શનની સમાપ્તિને દિવસે પૂ. ગુરુદેવે અહિંસા ઉપર એક સુંદર પ્રવચન આપ્યું હતું. પૂ. ગુરુદેવે જણાવ્યું કે જે દેશમાં ભગવાન બુદ્ધ, ભગવાન મહાવીર જેવા મહાપુરુષો થઈ ગયા તે દેશમાં આજે અહિંસાનું પ્રદર્શન ભરવું પડે છે એ દુઃખની વાત છે કારણકે આજે આપણા મન અને મસ્તિષ્કમાં પાશ્ચાત્ય હવા આવી રહી છે. સંમેલનની સફળતાનો આધાર નાગરિકો ઉપર છે. અહીં પ્રદર્શનમાં આવીને તમારા મનમાં અહિંસા પ્રત્યે આદર છે એ તમે વ્યકત કરી રહ્યા છો પણ આવતી કાલની પેઢીનું શું? અહિંસા એ માત્ર જીવદયા, સાધુ અગર તો જૈનો માટે જ નથી પરંતુ માનવજાત માટે છે. માનવજાતનું ભાવી આવતી કાલની પેઢીના હાથમાં છે. એમના આચારમાં અહિંસાનું અવતરણ થશે તો સંસારમાં પ્રેમની હવા ફેલાશે.

જેનાં પેટમાં હિંસક ખોરાક હશે એ અહિંસક કેવી રીતે બની શકશે? આજનો સમાજ ભયભીત છે એનું કારણ શું? ભયથી ધ્રૂજતા, ડરથી અધમૂઆ થયેલાં જાનવરોનું માંસ જેના પેટમાં જાય તે નિર્ભય કેમ હોઈ શકે? કદાચ એ શરીરના તગડા થશે પણ મનના દુર્બલ છે. જો સારું ધ્યાન ધરવું હોય, ચિત્તની એકાગ્રતા જોઈતી હોય તો આહારશુદ્ધિ અનિવાર્ય છે.

આજે ઘણા કુટુંબોમાં ધર્મના નામે અને દેવદેવીઓને બલિદાનના નામે ખોરાકમાં vitamin deficiencesના નામે, ફેશનના નામે અને બાળકોને સ્કૂલોમાં મળતી સોબતને લીધે આપણાં ઘરોમાં ધીરેધીરે હિંસાનો પ્રવેશ થઈ રહ્યો છે.

આજે માંસાહારીઓ પોતાના પ્રચારમાં આગળ વધેલા છે, જ્યારે અન્નાહારીઓ અને શાકાહારીઓ અંદર અંદર ચર્ચાઓ કરી બહાર પ્રચાર કરવામાં નિર્બળ છે. તમે પ્રતિજ્ઞા લો કે એક એક માણસ કાંઈ નહિ તો એક એક વ્યકિતને શાકાહારી બનાવશે. પૈસાથી જ ધર્મ થાય એમ નથી. વિચારોથી પણ થાય છે.

પ્રદર્શન તો આજે પૂરું થયું. એ પછી સ્વદર્શન કરવાનું છે.

જૈન સમાજના ૪૦ લાખ માનવીઓ, શીખ સંપ્રદાયના ૧૧ લાખ માનવીઓ અને વૈષ્ણવ તેમ જ આર્યસમાજના ભાઈઓ ભેગા મળીને અહિંસાનું કામ ઉપાડી લે તો આજની આ નાની ચિરાગ એ કાલે વધીને મહાજયોત બની જશે.

# AMBROSIA

From profound silence aglow with the ecstatic communion of a soul surges up the pure ambrosia of inspiration. From meaningless chatter what can be expected but pallid buttermilk?.

From 'Lotus Bloom'


**by Chitrabhanu**


RONUK

**PLATING BARRELS**

Fully Submerged Transferable

**OMAT BARRELS**




**RONUK INDUSTRIES LTD.**

11A, WORLI SEAFACE BOMBAY-18

કવર પેજ ૨ થી આગળ

છીએ, પૂજીએ છીએ અને એમના સિદ્ધાંતોને અનુસરવા માટેનો આગ્રહ રાખીએ છીએ.

માનવજાતના ઈતિહાસમાં એવો સમય આવ્યો છે કે આપણે બધી ફિલસૂફી તરફ દુર્લક્ષ સેવીને એકલા નહિ રહી શકીએ.

આજના વૈજ્ઞાનિક યુગમાં એ મહાન વિભૂતિઓના ઉપદેશની આવશ્યકતા ઘણી જરૂરી છે અને આપણે સહુ સારુ જીવન જીવી શકીએ એ માટે એમના ઉપદેશની જરૂર છે, જે પ્રેરક છે.

વિશ્વમાં અવિશ્વાસ, મારામારી, ઘર્ષણ, હત્યા, પ્રમાણમાં ખૂબ વધી ગયાં છે. ત્રણ દિવસ પહેલાં ગાંધીજીના અનુયાયી એવા ડો. માર્ટીન લ્યુથર કિંગનું ખૂન થયું. આ બતાવે છે કે આજે હિંસા કેટલી બધી વધી ગઈ છે. ત્રીજા વિશ્વયુદ્ધના વિચાર માત્રથી સહુમાં ભય ઉત્પન્ન થાય છે. એમાંથી બચવા માટે ભગવાન મહાવીરનો માર્ગ સ્વીકારવો જોઈએ અને એ માટે ભગવાન મહાવીર જેવા મહાન આત્માઓની જન્મજયંતીઓ ઉજવાવી જોઇએ.

પૂ. ગુરુદેવનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે મારે માટે અભિમાન લેવાની વાત છે કે તેઓ મારા મૈસુર રાજ્યના ટુમકુર ગામમાં ઊછરેલા છે. હું એમને માટે ગૌરવ અનુભવું છું. I am pround of him.

જૈનો માટે પણ મને ઘણું માન છે કારણ કે જૈનોએ કન્નડ ભાષાને સાહિત્ય બક્ષ્યું છે. કન્નડ ભાષા જે મારી માતૃભાષા છે એ જૈન સાહિત્યથી સભર બની છે. અમારી પાસે ૧૨૦૦ વર્ષ પહેલાંનું પુસ્તક છે જેમાં basic philosophy, basie science વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આ પુસ્તક જૈન મુનિએ લખ્યું છે. કર્ણાટકમાં જૈનો સમૃદ્ધ થયા છે અને તેઓ પોતાની છાપ (imprint) મૂકીને ગયા છે. હજાર વર્ષ જૂની, ૬૭ ફૂટ ઊંચી શ્રવણ બેલગોલામાં આવેલી બાહુબલિની ભવ્ય મૂર્તિ, જેમણે સત્ય ખાતર બધાનો ત્યાગ કર્યો, રાજ્યનો ત્યાગ કર્યો, એની યાદ આપે છે.

આજે આપણે પણ એની જ જરૂર છે. વિશ્વખાતર જે છે તેનો ત્યાગ કરો જેથી આપણા દેશમાં એક બીજા પ્રત્યે વધારે પ્રેમ, દયા અને સમજણ પેદા થાય એ માટે ભગવાન મહાવીરના ઉપદેશને જીવનમાં ઉતારો.

ત્યારબાદ પૂ. ગુરુદેવની પ્રેરણાથી તૈયાર કરવામાં આવેલ સુપ્રસિદ્ધ સંગીત દિગ્દર્શક શ્રી કલ્યાણજી આણંદજીના દિગ્દર્શન નીચે પ્રસિદ્ધ સંગીતકાર શ્રી મુકેશ અને બ્રિજભૂષણે ગાયેલ માનવમંત્ર "નવકારમંત્ર" અને "મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું" રેકોર્ડનું ઉદ્ઘાટન શ્રી નિજલિંગાપ્પાએ કર્યું. ત્યારબાદ પાર્શ્વગાયકો શ્રી મુકેશ અને શ્રી બ્રિજભૂષણે રેકોર્ડ કરવામાં આવેલ "નવકાર મહામંત્ર" અને પૂ. ગુરુદેવનું "મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું" ને સ્વરદેહ આપ્યો હતો. અને શ્રી મહેન્દ્ર કપૂરે બુલંદ સ્વરે ભગવાન મહાવીરના સ્તવનમાં પ્રાણ રેડી ધ્વનિવર્ધક યંત્ર દ્વારા ભગવાનની સ્તુતિ ગાઇને આકાશને પણ ગુંજતું કર્યું હતું. અને ગગનમાંથી પણ મહાવીર મહાવીરના પડઘા પડતા હતા.

ત્યારબાદ પૂ. ગુરુદેવે પ્રભુ મહાવીરના સિદ્ધાંતો ઉપર સુંદર વિવેચન કર્યું હતું જેની નોંધ જુદી લેવામાં આવી છે.

આ સભામાં શ્રી એસ. કે. પાટીલ, મુંબઈ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી હાફીઝકા, મુંબઈના શેરીફ શ્રી સોરાબખાન, ડો. શાંતિ પટેલ ભાવનગરના મહારાજા વીરભદ્રસિંહજી, વલ્લભીપુરના યુવરાજ પ્રવીણસિંહજી, પાટડીના ઠાકોર પ્રતાપસિંહજી અને અન્ય નામાંકિત નાગરિકો હાજર હતા.

પોલિસો, ઈન્સ્પેકટરો તથા સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલો સારો બંદોબસ્ત હોવાથી આવી વિરાટ સભાની મેદનીમાં પણ શિસ્ત અને અદ્ભુત શાંતિ જળવાઈ હતી.

નાગરિક સમિતિના ઉપપ્રમુખ શ્રી માણેકલાલ ચુનીલાલે આભાર દર્શન કર્યું હતું. અને શ્રી મુકેશ શ્રી મહેન્દ્ર કપૂર અને શ્રી બ્રિજભૂષણના મધુર સ્વરોમાં રાષ્ટ્રગીત ગવાયા બાદ આ વિરાટ સભાનું વિસર્જન થયું હતું.

સોફા અને ખુરશીઓના પાસ અમે અગ્રગણ્ય નાગરિકોને મોકલ્યા હતા પણ બેસવાની તો શું પણ છેલ્લે છેલ્લે તો ઊભા રહેવાની પણ જગ્યા ન મળતાં જે લોકોને નાસીપાસ થઇ પાછું ફરવું પડયું હોય તેને માટે અમે વ્યવસ્થાપકો ક્ષમા માગીએ છીએ.

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેમીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઈ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.